# Day to Day Current Affairs

૩૦ સપ્ટેમ્બર ૨૦૧૫

## ૧. RBI દ્વારા ચોથી ત્રિમાસિક નાણાનીતિ જાહેર કરાઇ

- રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા ચોથી દ્વીમાસિક નાણાનીતિમાં નવા વ્યાજદર જાહેર કરાયા જે નીચે મુજબ છે.

1. રેપારેટ 0.50% ઘટાડીને 6.75% કરાયો.

- વર્તમાન વર્ષમાં જાન્યુઆરીથી અત્યરસુધીમાં આ ચોથો ઘટડો છે.

- 9 મહિનામાં 8 % થી ઘટાડી 6.75 એમ ચાર વખતમાં 1.25 % ઘટાડો થયો.

2. સીઆરઆર નો 4% દર યથાવત રાખ્યો.

3. 2015 – 16 માટેના **GDP** નો અંદાજ 7.60% થી ઘટાડી 7.40% કરાયો.

4. એસએલઆર નો 21.50% દર યથવાત રહેશે.

5. નાણાકીય વર્ષ 2015 – 16 માં ફુગાવો 6% ના લક્ષ્યાંક કરતા નીચે રહેશે.

6. વર્ષ 2016 – 17 માં સરેરાશ ફુગાવો 5.50% રહેવનો અંદાજ.

- આ સાથે **SBI** એ વ્યાજદરમાં 0.40% અને આંધ્ર બેંકે 0.25% નો ઘટડો જાહેર કર્યો.

- શબ્દ અને તેની સમજ :

1) રેપોરેટ : બેંકોને ટૂંકાગાળા માટે રિઝર્વ બેંક તરફથી અપાતા ભંડોળ કે ધિરાણ ઉપરનો વ્યાજદર આ રેટ ઘટે એટલે ધિરાણની કોસ્ટ નીચી જાય છે.

2. રિવર્સ રેપોરેટ : બેંકો સરપ્લસ ભંડોળ **RBI** પાસે જમા રાખે તે બદલ મળતા વ્યાજનો દર રેપોરેટ કરતા રિવર્સ રેપોરેટ એક ટકા નીચો રહે છે.

3. **CRR** : કેશ રિઝર્વ રેશિયો એટ્લે કે બેંકોએ થાપણનો અમુક હિસ્સો ફરજિયાત રોકડ સ્વરૂપમાં રાખવો પડે છે. આ રેટ ઘટે તો બેંકો લાભમાં રહે છે.

4. **SLR** : સ્ટેચ્યુટરી લિક્વિડિટી રેશિયો એટલે કે બેંકોએ તેમની થાપણમાંથી અમુક હિસ્સો ફરજિયાતપણે સરકરી બોન્ડ/ જામીનગીરીમાં રોકવો પડે છે.

## ૨. નેશનલ એજ્યુકેશન પોલિસી – 2016 :

- તાજેતરમાં એચઆરડી મંત્રાલય દ્વારા જાહેર કરયું કે નેશનલ એજ્યુકેશન પોલિસી – 2016 તૈયાર કરવામાં શાળાના બાળકોના સૂચનો લેવામાં આવશે.
- તેના માટે સીબીએસઈ 6 થી 12 ધોરણના વિધર્થીઓ પાસે 5મી ઓકટોબર સુધી ઓનલાઈન સૂચનો લેવાશે.
- તેમાં 28 સવાલો હશે જેના જવાબ પોતાના વિચાર મુજબ આપવાના રહેશે.

## 3. હુજુઆન ચક્રવાત : ચીનના કુજીયાન પ્રાંતમાં આવેલું ભયાનક ચક્રવાત.

## ૪. 16 ઓક્ટોબરથી ગીર અભ્યારણ્ય પ્રવાસીઓ માટે ખુલશે :

- આગામી ૧૬ ઓક્ટોબરથી ચોમાસાની સિઝન પુરી થતાં ગીર અભારણ્ય તથા રાષ્ટ્રીય ઉધાન પ્રવાસીઓ માટે ખુલ્લુ મુકશે.
- આ સાથે સિંહ સહિતના વન્ય પ્રાણીઓનું ચાર માસનું વેકેશન પુર્ણ થશે. ગત 15 જુનથી સત્તાવાર રીતે ચોમાસુ શરૂ થતાં અને ચોમાસામાં સિંહ સહિતના વન્ય પ્રાણીઓનો સંવનન કાળ હોય છે માટે ચોમાસાના ચાર માસ દરમિયાન પ્રાણીઓને ખલેલ ન પડે તે માટે ગીર વન્ય પ્રાણી અભ્યારણ તથા રાષ્ટ્રીય ઉધાનમાં જવા પર પ્રવાસીઓ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.

Vivekanand Academy, Gandhinagar